


ભાઈ, તું સેફ્ટી મેજર માટે સર્કલ પર રિફ્લેક્ટર લગાવે છે એ સારું છે. પણ સાથે સાથે તારી સેફ્ટીનું ય ધ્યાન રાખજે. અહીં છાશવારે વાહનો સર્કલ પર ચડી જાય છે !

# ભગવાન અનંત રૂપે પ્રગટ થયેલા છે સમગ્ર જગત તેમની જ વિભૂતિ છે



શિવ મહિમ્ન સ્ત્રોતના રચયિતા શ્રી પુષ્પદંતજી મહારાજ વિશે પૂ. ગુરૂમાએ જણાવ્યું કે તેઓના જીવનમાં વિદ્વતા અને નમ્રતા બંને પૂર્ણ પ્રમાણમાં છે, જે ભાગ્યે જ જોવા મળે છે. મોટે ભાગે વિદ્વતાની સાથે અહંકાર દેખાતો જ હોય છે. અત્યંત નમ્રતાથી શિવજીના માહાત્મયનું વર્ણન કરતાં તેઓ જણાવે છે કે આપના સંપૂર્ણ માહાત્મ્યનું વર્ણન કરવું મારે માટે શક્ય જ નથી, છતાં મારી વાણીને પાવન કરવા હું આ સ્તુતિ કરું છું. જેવી રીતે ગંગાજીમાં ભળીને ઝરણાનું પાણી પણ પવિત્ર બની જાય છે, તેવી જ રીતે શિવજીનાં અનંત વૈભવને દર્શાવતી તેઓની વાણી પણ અતિપવિત્ર બની જાય છે.

સ્ત્રોતના ચોથા શ્લોકની વિસ્તૃત સમજ આપતાં પૂ. ગુરૂમાએ જણાવ્યું કે, આ શ્લોકમાં એવા લોકોની વાત શ્રી પુષ્પદંતજી કરે છે, જેઓ ઈશ્વરનાં ઐશ્વર્યને જાણતા નથી, અને તેથી વરદાન દેવાવાળા શિવજીનાં ત્રિગુણાત્મક એવા જગતના સૃષ્ટીની રચના, પાલ અને સંહાર કરનાર પરમતત્વનું ત્રણે વેદમાં વર્ણન હોવા છતાં તેનો સ્વીકાર કરવાને બદલે ઈશ્વર જેવું જ કાંઈ નથી મતલબનાં સ્વરૂપથી સુંદર- તાર્કિક- લાગે તેવા વચનો ઉચ્ચારે છે, જે મિથ્યાપ્રલાપ જ છે અને એવા લોકો સાચે જ જડમતિ અને અભાગી છે.

માનવ મનની જડતાનું વર્ણન કરતાં પૂ. ગુરૂમાએ જણાવ્યું કે, માનવ સ્વભાવ એવો છે કે જ્યાં સુધી બધું અનુકૂળ હોય, મારી ઈચ્છાને અનુરૂપ થતું હોય ત્યાં સુધી મને કોઈ વાંધો હોતો નથી, આ સૃષ્ટિ, ઈશ્વર કે લોકો માટે કોઈ ફરિયાદ હોતી નથી. પરંતુ જેવું કાંઈક મારી ઈચ્છા કે માન્યતાથી વિરૂધ્ધ થયું કે તરત જમને આ જગત અને જગતકર્તા ઈશ્વર માટે ફરિયાદ શરૂ થઈ જાય છે. પરંતુ ઈશ્વરે તો સમસ્ત સૃષ્ટિનું પાલન કરવાનું છે, કોઈ એક વ્યક્તિની ઈચ્છા મુજબ સૃષ્ટિચક્ર ચલાવવાનું નથી. આ જ વાતને બીજી રીતે જોઈએ તો દરેકની ઈચ્છાઓ પણ ભિન્ન હોય છે. મારે ત્યાં પ્રસંગ હોય તો મને થાય કે આજે વરસાદ ન આવે તો સારૂં. સામે પક્ષે ખેડૂત તો ચાતક નજરે વરસાદની રાહ જોતો હોય છે. કર્મચારી વિચારે કે ઓફિસ જતી વખતે વરસાદ ન આવે તો સારૂં. આમ, વિભિન્ન ઈચ્છાઓવાળા મનુષ્યોનું સાંભળીને ભગવાન સંસાર ચલાવે તો સૃષ્ટિચક્ર ચાલી જ ન શકે. ભગવાન શિવજીને પૃથ્વીના સર્જનકર્તા, પાલનકર્તા અને સંહારકર્તા સ્વરૂપે વર્ણવતા પૂ. ગુરૂમાએ જણાવ્યું કે, ત્રણે વેદોમાં ખૂબ વિસ્તૃત રીતે ઈશ્વરનાં સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. ત્રણ ગુણોના આધારે શિવજી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એવા ત્રણ દેહો ધારણ કરે છે, જેમાં રજોગુણ પ્રધાન બ્રહ્મરૂપે તેઓ સૃષ્ટિનું સર્જન કરે છે. સત્વગુણ પ્રધાન વિષ્ણુરૂપે પાલન કરે છે અને તમોગુણ પ્રધાન મહેશરૂપે જગતનો સંહાર કરે છે. કોઈપણ વસ્તુની સિધ્ધિ ત્રણ રીતે થઈ શકે. (૧) શ્રૃતિ (વેદશાસ્ત્ર) (૨) યુક્તિ અને (૩) અનુભવ.

વેદ શાસ્ત્રો ઈશ્વરના વિભુ સ્વરૂપને અનેકરૂપે વર્ણવે છે, જેમાં ઈશ્વરને સૃષ્ટિકર્તા, પાવકર્તા અને સંહારકર્તા તરીકે વર્ણવેલ છે.

"યતો વા ઈમાનિ બાયન્તિ.... "

"તસ્માત્ સંબાયતે પ્રાણઃ ..... "

આવા અનેક શ્રૃતિ વાક્યો પંચ મહાભૂત અને તેમાંથી સૃષ્ટિની રચના કઈ રીતે થઈ તેનું વર્ણન કરે છે. આ જ બાબત યુક્તિથી વિચારીએ તો કોઈપણ કાર્ય જે વ્યવસ્થિત હોય, તેને બનાવવાનું ચોક્કસ પ્રયોજન હોય તો તેને બનાવનાર ચેતનકર્તા હોવો જોઈએ. જગત અને તેનાં પદાર્થોને જોઈએ તો તેની સુવ્યવસ્થિત રચના જોઈને જ તે વ્યવસ્થિત અને હેતુપૂર્વનું સર્જન છે તે સ્પષ્ટ થાય છે. સૃષ્ટિ પરના આકાશ, વાયુ, તેજ, જળ અને જમીન (પૃથ્વી)ને એવા સુવ્યવસ્થિત બનાવ્યા છે અને તેનું એટલું સુંદર નિયમન થઈ રહ્યું છે કે જેની પાછળ અત્યંત ઐશ્વર્ય ધારી ચેતન તત્વ વિલસી રહ્યું છે તે દેખાઈ આવે છે.

# પીટીસીનું પ્રથમ વર્ષનું ૭૦.૧૨ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૨૫

શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજની પટેલ રીચાબેન પ્રવિણકુમાર ૮૯ ટકા સાથે રાજ્યમાં દ્વિતીય સ્થાન તથા દરજી જાનકી અરવિંદભાઈ ૮૮.૭૫ ટકા સાથે રાજ્યમાં ત્રીજા સ્થાને ઉપરાંત પટેલ ખ્યાતિબેન અરવિંદભાઈ ૮૭.૮૮ ટકા સાથે રાજ્યમાં સાતમું સ્થાન અને પટેલ વૈશાલીબેન કંચનભાઈ ૮૭.૭૫ ટકા સાથે આઠમું સ્થાન પ્રાપ્ત કરીને શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અડાલજનું ગૌરવ વધાર્યું છે.

મે ૨૦૧૨ માં પી.ટી.સી. પ્રથમ વર્ષની લેવાયેલ પરીક્ષાનું પરિણામ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયું છે. કુલ ૧૦૨૦૭ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. તેમાંથી ૭૨૦૧ પાસ અને ૩૦૬૯ નાપાસ થતાં પરિણામ ૭૦.૧૨ ટકા આવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં કુલ ૮૨૮ વિદ્યાર્થીઓમાંથી ૫૪૩ પાસ અને ૨૮૫ નાપાસ થતાં જિલ્લાનું પરિણામ ૬૫.૫૭ આવ્યું છે. રાજ્યમાં શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરની પટેલ રીચાબેન પ્રવિણકુમાર ૮૯ ટકા સાથે દ્વિતીય સ્થાન, દરજી જાનકી અરવિંદભાઈ ૮૮.૭૫ ટકા સાથે તૃતીય સ્થાન, ખ્યાતિબેન અરવિંદભાઈ પટેલ સાતમું સ્થાન તથા વૈશાલીબેન કંચનભાઈ પટેલ રાજ્યમાં આઠમું સ્થાન પ્રાપ્ત કરીને અધ્યાપન મંદિરનું ગૌરવ વધાર્યું છે. કુલ ૯૨ બહેનોમાંથી ૯૦ બહેનો પાસ થતાં પરિણામ ૯૭.૮૨ ટકા આવ્યું છે અને ૮૧ થી ૮૯ ટકા સાથે ૪૧ બહેનો અને ૪૯ બહેનો વિશેષ યોગ્યતા સાથે પાસ થતાં અધ્યાપન મંદિરનું શાનદાર પરિણામ આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના ટોપ-ટેન પરિણામમાં ૧ થી ૮ સ્થાન માણેકબા અધ્યાપન મંદિરની તાલીમાર્થી બહેનોએ પ્રાપ્ત કરીને પરિણામમાં હેટ્રીક સર્જી છે.

આચાર્ય સુરેખાબેન ચૌધરી અધ્યાપન સ્ટાફ અને અધ્યાપક સંઘના પ્રમુખ પ્રા. મહેન્દ્રભાઈ પરમારે તાલીમાર્થી બહેનોને અભિનંદન પાઠવ્યા છે.

## પીટીસી પરીક્ષા પરિણામ - ૨૦૧૨ રાજ્યના ટૉપ ટૅન વિદ્યાર્થીઓ

| ઉત્તીર્ણ ક્રમાંક | વિદ્યાર્થીનું નામ | મેળવેલ ટકા | સંસ્થાનું નામ |
|---|---|---|---|
| ૧ | મોહિનીકુમારી જિતેન્દ્રસિંહ પરમાર | ૯૦.૧૩ | વનિતા વિશ્રામ ટ્રેનીંગ કૉલેજ, સુરત |
| ૨ | રીચાબેન પ્રવિણકુમાર પટેલ | ૮૯.૦૦ | માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, ગાંધીનગર |
| ૨ | હિરલબા પ્રદ્યુમનસિંહ પરમાર | ૮૯.૦૦ | એમએલ દોશી સ્ત્રી અધ્યાપન મંદિર, સુરેન્દ્રનગર |
| ૩ | શ્રધ્ધાબેન કાલુભાઈ ચૌહાણ | ૮૮.૭૫ | ઘરશાળા અધ્યાપન મંદિર, ભાવનગર |
| ૩ | જાનકીબેન અરવિંદભાઈ દરજી | ૮૮.૭૫ | માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, ગાંધીનગર |
| ૪ | નિરવ મહેન્દ્રભાઈ પટેલ | ૮૮.૨૫ | મો ન અમીન અધ્યાપન મંદિર, આણંદ |
| ૫ | જલ્પા જયંતિલાલ સુરાણી | ૮૮.૧૩ | પંચશીલ પીટીસી, રાજકોટ |
| ૫ | અનિતા હસમુખભાઈ ભાવસાર | ૮૮.૧૩ | સ્ત્રી અધ્યાપન મંદિર, સાવરકુંડલા |
| ૬ | જિગીષા મહેશભાઈ પટેલ | ૮૮.૦૦ | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમદાવાદ |
| ૬ | કિરણબેન રામભાઈ જાલુ | ૮૮.૦૦ | સુભાષ પીટીસી કૉલેજ, જૂનાગઢ |
| ૬ | મોનિકાબેન હરદાસભાઈ બાંધીયા | ૮૮.૦૦ | લોહાણા અધ્યાપન મંદિર, રાજકોટ |
| ૭ | ખ્યાતિબેન અરવિંદભાઈ પટેલ | ૮૭.૮૮ | માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, ગાંધીનગર |
| ૮ | વૈશાલીબેન કંચનભાઈ પટેલ | ૮૭.૭૫ | માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, ગાંધીનગર |
| ૯ | કૃપાબેન અર્જુનભાઈ કાનગાડ | ૮૭.૬૩ | લોહાણા અધ્યાપન મંદિર, રાજકોટ |
| ૧૦ | પાયલ મેરામભાઈ ખીમાણીયા | ૮૭.૫૦ | લોહાણા અધ્યાપન મંદિર, રાજકોટ |
| ૧૦ | દામિનીબેન મુકેશકુમાર પટેલ | ૮૭.૫૦ | સ્ત્રી અધ્યાપન મંદિર, સાબરકાંઠા |

## શ્રી જલારામ સેવા સમાજ દ્વારા વિદ્યાર્થી પુરસ્કાર આપવામાં આવશે

ગાંધીનગર તા. ૨૫

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા ઓગસ્ટમાં વિદ્યા પુરસ્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરણ-૧ થી ૧૨, સ્નાતક, અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને ફાઈનલ વર્ષની માર્કશીટ જલારામ મંદિર સેકટર-૨૯માં તા. ૩૧મી જુલાઈ સુધીમાં મોકલી આપવાની રહેશે. શ્રી જિતેન્દ્રભાઈ સેજાણીએ જણાવેલ છે.

# જિલ્લા કક્ષાની ગ્રામીણ હેન્ડબોલ સ્પર્ધામાં ચરાડા હાઈસ્કૂલના ખેલાડીઓનો સુંદર દેખાવ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા તાજેતરમાં જિલ્લાકક્ષાની ગ્રામીણ હેન્ડબોલ સ્પર્ધા ચરાડા ગામે યોજવામાં આવી હતી. સમગ્ર સ્પર્ધામાં ચરાડા ગામની કે.જી.હાઈસ્કૂલ એન્ડ આર.જે. ચૌધરી હાયર સેકન્ડરી સ્કૂલના ખેલાડીઓએ સુંદર પ્રદર્શન કરીને શાળા તથા ગામનું ગૌરવ વધાર્યું હતું.

જિલ્લા કક્ષાની ગ્રામીણ હેન્ડબોલ સ્પર્ધામાં કે.જી. હાઈસ્કૂલ ચરાડાના ભાઈઓએ દ્વિતીય સ્થાન અને બહેનોએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. બહેનોમાં દિશા ચૌધરી, હેમાંગ પ્રજાપતિ, ઉષા પ્રજાપતિ અને ધ્રુપલ પટેલે તથા ભાઈઓમાં નરેશ ઠાકોર, આકાશ ઠાકોર, અલ્પેશ બારૈયા, સૂરજ પટેલ, અમિત મેસરિયા, રવિ ચૌધરી અને જય ચૌધરીએ રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી મેળવી છે. જિલ્લામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર ભાઈઓ અને બહેનોની ટીમ આગામી સમયમાં રાજ્યકક્ષાની સ્પર્ધામાં જોડાશે. શાળાના સિદ્ધિ મેળવનાર ખેલાડીઓને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી જ્યારે આચાર્ય બાબુભાઈ ચૌધરી અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# સ્કૂલ ઓફ એચિવરમાં સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫

એસ.એસ.પાટેલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સ્કૂલ ઓફ એચિવર ખાતે ક્રિષ્ના એકેડમી ઓફ એસ્થેટિક તથા સંસ્થા પરિવારના સંયુક્ત ઉપક્રમે રોલર સ્કેટીંગ ચેમ્પિયનશીપ સ્પર્ધા યોજવામાં આવી હતી.

શાળાના જુદા જુદા વયજૂથના ૩૭૫ ખેલાડી સ્પર્ધકોએ ભાગ લઈ રોલર સ્કેટીંગ ચેમ્પિયનશીપને અપૂર્વ બનાવી દીધી હતી. સ્કૂલ ઓફ એચિવરના અર્થ શાહ, નિશિ સુથાર, અપૂર્વ પટેલ અને પૈરવ પટેલે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. હિતેષા અર્ધરી અને દિવ્યેશ કાદરીએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યુ હતુ. વિજેતા ખેલાડીઓને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલ, ક્રિષ્ના એકેડમીના ચીફ કોચ આર.બી. જાડેજાના વરદ હસ્તે મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. દરેક ખેલાડીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

સ્કેટીંગમાં રાજ્ય તથા રાષ્ટ્રકક્ષાએ ગાંધીનગર જિલ્લાનું નામ રોશન કરનાર વ્રિન્દા પટેલ તથા વૃદિત પટેલે સમગ્ર સ્પર્ધાનું ડેમોસ્ટ્રેશન આપી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

બંને ખેલાડીઓને શાળા તરફથી ટ્રોફી આપવામાં આવી હતી. શાળાના સ્કેટીંગ કોચ ભાર્ગવ આયરે સમયસર કામગીરી બજાવી હતી. શાળાના અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના પદાધિકારીઓ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## કડી પીટીસી કોલેજના ૨૨ વિદ્યાર્થીઓ ટેટમાં ઝળકળ્યા


ગાંધીનગર તા. ૨૫

સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ડૉ. રામાભાઈ પટેલ પીટીસી કોલેજ, કડીમાં ટેટની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી. પરંતુ સમગ્ર ગુજરાતમાં ૩.૨૦ ટકા પરિણામ આવ્યું છે. છતાં ડૉ. રામભાઈ પટેલ પીટીસી કોલેજના ૨૦ વિદ્યાર્થીએ પાસ થયેલ છે અને કોલેજનું ગૌરવ બક્ષ્યું છે.

## પ્રસંગસર

- હેમચંદ્ર શંકરરાવ થોરાત

# ગુજરાતના ઑલિમ્પિક સ્પર્ધક સ્વ. શંકરરાવ થોરાત



લંડનમાં ઑલિમ્પિક-૨૦૧૨ જ્યોત જ્યારે ગણત્રીના દિવસોમાં પ્રજવલિત થવા જઈ રહી છે ત્યારે આપણે ગુજરાતના એકમાત્ર ૧૯૩૬ની બર્લીન (જર્મની) ઑલિમ્પિકમાં ભાગ લીધેલ કુસ્તીના પહેલવાન સ્વ. શંકરરાવ થોરાતને યાદ કરવા જ રહ્યાં.

૧૯૩૬માં બર્લીન ખાતે યોજાયેલી ઑલિમ્પિક કુસ્તીમાં ભાગ લઈને સ્વ. શંકરરાવ થોરાતે ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું. સ્વ. થોરાતે તેમના જીવનના અંતિમ વર્ષો સેકટર-૧૬માં જ વિતાવ્યા હતા. સ્વ. થોરાત તે સમયે (૧૯૩૬)માં વડોદરા સેન્ટ્રલ જેલમાં જેલર તરીકે ફરજ બજાવતા હતા. સ્વ. થોરાતના ગાંધીનગર ખાતે વસતા પુત્ર હેમચંદ્ર થોરાત તેમના પિતાની સંસ્મરણોની ડાયરીના પાના વાંચતા કહે છે કે, પિતાજીએ એમની ડાયરીમાં લખ્યું છે કે, મારા માટે એ દિવસ ભૂલાય એમ નથી. ૯ જુલાઈ ૧૯૩૬ના દિવસે અમે કોન્ટેવર્લે નામની ઈટાલીયન સ્ટીમરમાં મુંબઈથી બર્લીન જવા નિકળ્યા. સુયજે કેનાલ, પોર્ટસઈદ, એલીસીનીયા થઈને ૨૨મી જુલાઈએ વહેલી સવારે વેનિસ પહોંચ્યા. ત્યાંથી રાત્રે ટ્રેનમાં બેઠા અને બીજા દિવસે સાંજે ૫.૦૦ વાગે બર્લીન પહોંચ્યા.

મારો કેમ્પ લાહોરમાં ચાલતો હતો ત્યારે સમયના અખબારમાં સમાચાર પ્રસિધ્ધ પણ થયા હતા તે વાંચી વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ વિમાનમાં લાહોર મળવા આવ્યા હતા. મારી આર્થિક પરિસ્થિતિનો અણસાર આવી જતા તેમણે મને બુટની મોગરીથી માથાની ટોપી સુધી સોનાથી મઢાવી દીધા હતા અને તે સમયે બે હજાર રૂપિયાનો રોકડ પુરસ્કાર આપ્યો હતો. આ નાણાંનો ઉપયોગ કરીને મેં વડોદરામાં વ્યાયામ શાળા સ્થાપી. એ પછી તેમણે મને વડોદરા સ્ટેટમાં જેલરની નોકરી આપી. નોકરી માત્ર નિમિત પુરતી હતી. મૂળ હેતુ તો ખેલાડીઓને તૈયાર કરવાનો હતો.

ઑલિમ્પિકમાં મને હિટલરને અને હોકીના જાદુગર ધ્યાનચંદની રમતને જોવાનો મોકો મળ્યો હતો. સ્વ. થોરાતનો જન્મ ઈ.સ. ૧૯૧૯માં થયો હતો. તેઓ ડી.આઈ.જી. તરીકે નિવૃત્ત થયા. તેમનો સ્વર્ગવાસ ૯મી જુલાઈ ૧૯૮૩એ થયો. તેમને પોતાના જીવનના અંતિમ દિવસો ગાંધીનગર ખાતે વસતા તેમના પુત્ર હેમચંદ્ર થોરાતના ઘરે વિતાવ્યા. આજે પણ તેમના પુત્ર હેમચંદ્ર થોરાત અને પૌત્ર નયન થોરાત (જિલ્લા રમત-ગમત અધિકારી, જૂનાગઢ), સંજય થોરાત (મેરેથોન રનર) અને વિશાલ થોરાત (વ્યાયામ શિક્ષક) ગાંધીનગર સેકટર-૨૭ ખાતે રહે છે અને તેઓના દાદાની યાદમાં થોરાત હેમ હેલ્થ સેન્ટર ચલાવે છે.

આજે જ્યારે ઑલિમ્પિકની ગુજરાતની ટીમમાં ગુજરાતના એક પણ ખેલાડી જોવા મળતા નથી ત્યારે આપણે ભૂતકાળનો વાગોળવો જ રહ્યો.




રંગોલી પ્રિ સ્કૂલ દ્વારા ગ્રાન્ડ પેરેન્ટ્સ ડેની ઉજવણી ભાવસભર રીતે કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની હાજરીમાં ગ્રાન્ડ પેરેન્ટ્સને વિવિધ રમતો રમાડવામાં આવી હતી અને એમના બાળપણની યાદો તાજી કરવામાં આવી હતી. ગ્રાન્ટપેરેન્ટ્સના અનુભવોની વાણીનો લાભ પણ વિદ્યાર્થીઓએ લીધો હતો. મોટી સંખ્યામાં ગ્રાન્ટ પેરેન્ટ્સે આ ઈવેન્ટમાં ભાગ લીધો હતો.

# ગાંધીનગરના બહુ ગવાયેલા લોકગાયક : ગોવિંદભાઈ ગઢવી

## કુદરતી બક્ષિશ કહો કે માતાજીની કૃપા કહો, ગોવિંદભાઈ પુરુષ અને સ્ત્રી બંને અવાજમાં સુંદર રીતે ગીતો ગાઈ શકે છે !

## કેફિયત કલા સાધકની

- આશા સરવૈયા



'ટેંહુક... ટેંહુક... મારે ટોડલે બેઠો રે મોર ક્યાં બોલે ? મોર ક્યાં બોલે....' આ 'મોરલો' એ જ જેઓની ઓળખ બની ચૂકી છે એવા ગાંધીનગરના લોકગાયક છે શ્રી ગોવિંદભાઈ ગઢવી (બારોટ)... પણ આ જાણીતું ગીત તો દિવાળીબેન ભીલના કંઠે ગવાયેલું છે.... હા, પણ ગોવિંદભાઈની આ જ ખૂબી છે ! કુદરતી બક્ષિશ કહો કે માતાજીની કૃપા કહો, ગોવિંદભાઈ પુરુષ અને સ્ત્રી બંને અવાજમાં સુંદર રીતે ગીતો ગાઈ શકે છે !

વતન પ્રાંતિજ (સાબરકાંઠા), ૧૯૫૧માં જન્મેલા ગોવિંદભાઈએ પ્રાથમિક શાળામાંથી જ ગાવાનું શરૂ કરીને ઈનામો પ્રાપ્ત કરવાની શરૂઆત કરી દીધી હતી. ધોરણ-૭થી ૧૧ સુધીના અભ્યાસ દરમ્યાન ભજનો, લોકગીતો, ગાંધીગીતો, શૌર્યગીત વિ.માં પ્રથમ આવીને શાળા અને ગામને ગૌરવ અપાવ્યું હતું. કૉલેજ અભ્યાસ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, તલોદમાં. ૧૯૭૧માં ગુજરાત યુનિવર્સિટી યુવક મહોત્સવ, માંડવી-કચ્છ ખાતે લોકગીત સ્પર્ધામાં ભાગ લઈને ૪૫ કૉલેજોના હરીફો વચ્ચેની રસાકસીભરેલી સ્પર્ધામાં પ્રથમ વિજેતા બનીને ગોવિંદભાઈએ પોતાની ગાયકીને મહોર મરાવી દીધી ! ત્યાર બાદ ૧૯૭૨ અને ૧૯૭૩ના વર્ષમાં પણ વિજયી થયા.

૧૯૭૪માં રોજગાર વિનીમય કચેરી, ગાંધીનગરમાં નામ નોંધાવવા આવેલા ગોવિંદભાઈને ક્યાં ખબર હતી કે આ જ એમની કર્મભૂમિ બની જવાની છે ! નવરાત્રિનો સમય હતો, મિત્રો દ્વારા આગ્રહ થયો રોકાવાનો અને ગાવાનો અને ગોવિંદભાઈએ સૅક્ટર-૨૦ના નવરાત્રિ ચોકમાં દુહા, છંદ, લોકગીતો છેડ્યા અને ગાંધીનગરાઓને ઘેલું લગાડ્યું... અને ગોવિંદભાઈ ગાંધીનગરવાસી બની ગયા ! નાનપણથી જ પુરૂષ અને સ્ત્રી બંનેના અવાજમાં ગીતો ગાતા ગોવિંદભાઈ સૅક્ટર-૨૦ પછી સૅક્ટર-૧૬, ૧૭, ૨૧, ૨૨ અને ૨૮,૨૯ તેમજ જીઈબી કૉલોનીમાં પણ જમાવટ કરવા લાગ્યા. અરૂણભાઈ બુચ, લાલચંદભાઈ ગોપલાણી, કૃષ્ણકાન્તભાઈ જહા વિ.ના સહકાર અને પ્રોત્સાહનથી અનેક કાર્યક્રમો યોજાવા લાગ્યા. ધીમે ધીમે ગોવિંદભાઈની નામના અને ચાહના વધવા લાગી. અમદાવાદથી પણ આમંત્રણો આવવા લાગ્યા. નવરાત્રિમાં તો ગોવિંદભાઈની જબરી ડિમાન્ડ રહેતી... સાબરકાંઠાના વતની છતાં અસલ કાઠિયાવાડી લહેકાથી ગાતા ગોવિંદભાઈ ધોરણ-૮માં ગિરનાર પ્રવાસે ગયા હતા અને ભૂલા પડ્યા. સતત આઠ દિવસ સુધી ગિરનારમાં અને ખાસ કરીને દત્તાત્રેય કુટુંબમાં ભ્રમણ કરતા કરતા અનેક સાધુસંતો સાથે સંગ માણ્યો. ભજનો ગાય, સાંભળે અને ગિરનારી બાબાની ભભૂતિ સાથે આશીર્વાદ મેળવે. ગોવિંદભાઈ માને છે કે સંતોના આશિષ વડે જ તેઓ ગાયક બની શક્યા છે....'તારો ભરોસો મને ભારી એવો ગરવો દાતાર ગિરનારી... લીલી ને પીળી તારી ધજા ફરકે, ધોળી ધજા પર જાતું વારી ગિરનારી...'

નવરાત્રિની સફળતા પછી ગોવિંદભાઈને અનેક ડાયરાઓમાંથી આમંત્રણ મળવા લાગ્યા. માહિતી ખાતા આયોજિત ડાયરાઓ, પ્રચારલક્ષી કાર્યક્રમો વિ.માં ગોવિંદભાઈએ કંઠનાં કામણ પાથર્યાં. ૧૯૭૫-૭૬માં ગાંધીનગર આવેલા જાણીતા અભિનેત્રી આશા પારેખની ઉપસ્થિતિમાં ગીરાબેન-સતીશભાઈએ કાર્યક્રમ યોજ્યો હતો, જેમાં ગોવિંદભાઈની ગાયકીથી આશા પારેખ પણ ખૂબ પ્રભાવિત થયા હતા. સૉક્ટર-૨૨ના જાણીતા ગણેશ મહોત્સવમાં એક ડાયરો તો ગોવિંદભાઈનો જ... નરસિંહભાઈ સોલંકી તબલા પર અને ગોવિંદભાઈ, પુષ્પાબેન દૂધરેજિયા, સુલોચનાબેન વ્યાસ, કાશ્મીરાબેન ગોહિલ, ભીખુદાન ગઢવી વિ. સાથે રંગમંચ પરથી ગાંધીનગરને ગજવતા.

દૂરદર્શન, પીજ કૅન્દ્ર પરથી ગોવિંદભાઈએ અનેક કાર્યક્રમો રજૂ કર્યા. આકાશવાણી પરથી પણ ડાયરેક્ટર મિનાક્ષીબેન દેસાઈ અને સંગીતજ્ઞ મુનિકુમાર દેસાઈના સહકારથી અનેક કાર્યક્રમો રજૂ કરી નામના મેળવી.

૧૯૮૦થી ૯૦ના ગાળામાં ગોવિંદભાઈએ ગુજરાતભરમાં અને મુંબઈમાં પણ અનેક કાર્યક્રમો રજૂ કર્યા. દિવાળીબેન ભીલનું ગાયેલું 'નણદલના વીર વિના એકલા જી રે...' ગોવિંદભાઈ રજૂ કરે અને પ્રેક્ષકો હિલોળે ચડે. ફિલ્મ 'જેસલ-તોરલ'નું 'સોનલા વાટકડી ને રૂપલા... બાળુડો જોગી નાહ્વા બેઠો રે ભરથરી' અને રામાપીરનાં ભજનો મંડાય અને પેટી પર રૂપિયાનો વરસાદ વરસે...

ખેડા જિલ્લાના નડીયાદ, પાલજ, પીપળાવ, સુણાવ કે જ્યાં પણ ગોવિંદભાઈનો ડાયરો હોય તેની વાત પવનની પાંખે ડમરીની જેમ આખા પંથકમાં પ્રસરી જાય અને માનવ મહેરામણથી ડાયરાઓ ઉભરાવા લાગે. ડાયરાના શ્રીગણેશ મંડાય ઈ પહેલા સાજિંદાઓ બઘડાટી બોલાવે ને ગોવિંદભાઈ કાઠિયાવાડી દુહા, ચારણી છંદો અને લોકગીતોથી ડાયરાઓ ગજાવે.

જન્માષ્ટમી પર શામળાજીનો શામળીયો, દ્વારકાના દ્વારકાધિશ અને ડાકોરના રણછોડરાયના ગુણલા ગાવા ગોવિંદભાઈ પહોંચી જાય અને કૃષ્ણભક્તિમાં લીન થઈ જાય. તો ગઢશીશા, માંડવી-કચ્છમાં માતાજીના પાટોત્સવ, ગુરૂ પૂર્ણિમામાં હૈયે હૈયું દળાય એટલા માઈભક્તો સામે ગોવિંદભાઈ તથા ગાંધીનગરના કલાકારો માના ચરણોમાં ભક્તિથી વંદના કરીને ધન્ય થતાં.

ગાંધીનગરની જાણીતી સંસ્થા 'અવસર' અને સરગમ સ્કૂલ ઑફ મ્યુઝીક દ્વારા પાણિયાળા કલાકાર ગોવિંદભાઈનું લોકસાહિત્ય ક્ષેત્રે ગૌરવપૂર્ણ પ્રદાન બદલ સન્માન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય દલિત સાહિત્ય અકાદમી દ્વારા પણ રાજ્ય સન્માન પ્રાપ્ત થયું છે. ૧૯૯૩ અને ૧૯૯૪ના વર્ષમાં અખિલ ભારતીય મુલ્કી સેવા કલા સંગમમાં અનુક્રમે ભોપાલ અને દિલ્હી ખાતે ગુજરાતના લોકગીતોની પ્રશંસનીય રજૂઆત કરેલ. 'વંદના ગરબાવલી' નામના ગરબાના પુસ્તકનું સંપાદન કરી ગોવિંદભાઈએ પ્રકાશિત કરેલ છે.

૨૦૦૯માં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલા ગોવિંદભાઈ કાર્યક્રમોમાં વ્યસ્ત રહે છે. જેમાં પત્ની લક્ષ્મીબેન અને પરિવારનો સાથ સહકાર સાંપડે છે.

મોરના ઈંડા ચિતરવાના ન હોય... પુત્રી દમયંતિબેન બારોટ સારા લોકગાયિકા છે. અને લગ્નગીતો, ડાયરાઓ વિ. અનેક કાર્યક્રમો રજૂ કરે છે. કલોલ ખાતે પોતાનો સ્ટુડિયો પણ છે. જાણીતા કલાકારો હેમંત ચૌહાણ, કરસન સાગઠિયા, ગોપાલ બારોટ વિ. સાથે પિતા-પુત્રી કાર્યક્રમોમાં ગાય છે. બીજી પુત્રી આશાબેન પણ અચ્છા ગાયિકા છે. પુત્ર અમિતે વોકલમાં માસ્ટર્સ અને તબલામાં વિશારદ કરેલું છે. ગાવા-વગાડવાની સાથે ગાંધીનગરની ઘણી શાળાઓમાં સંગીત શિક્ષક તરીકે સેવાઓ આપે છે. ગોવિંદભાઈ અને તેમના કુટુંબીજનો ઘર આંગણે મહાકાળી માતાજીની સાક્ષીમાં અને નામી કલાકારોને નિમંત્રીને એક મોટો કાર્યક્રમ યોજવાની મહેચ્છા ધરાવે છે. માતાજીને પ્રાર્થના કરીએ કે તેમની આશ ફળે અને ગાંધીનગરવાસીઓને પણ તેનો લાભ મળે.